# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-11-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : SATURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં કાનૂની સહાય વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું

2) પ્રધાનમંત્રીએ વારાણસી રેલ્વે સ્ટેશનથી ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલીઝંડી આપી

3) સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી કે, સંસદનું શિયાળુ સત્ર પહેલી ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી યોજાશે.

4) બિહાર વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચાર પૂરજોશમાં

5) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની અંતિમ ટવેન્ટી-ટવેન્ટી ક્રિકેટ મેચ વરસાદને કારણે રદ - ભારતે 2-1થી શ્રેણી જીતી.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PRIME MINISTER - LEGAL AID

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં સર્વોચ્ચ અદાલત ખાતે કાનૂની સહાય વિતરણ વ્યવસ્થાને મજબૂત બનાવવા પર રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (NALSA) દ્વારા તૈયાર કરાયેલ સ ામૂદાયિક મધ્યસ્થી તાલીમ મોડ્યુલનો પણ પ્રા રંભ કર્યો. સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે સામાજિક ન્યાય ત્યારે જ સુનિશ્ચિત થઈ શકે છે જ્યારે દરેક વ્યક્તિ, સામાજિક કે આર્થિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, ન્યાય મેળવે. તેમણે સ્થાનિક ભાષાઓમાં કાનૂની દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

(બાઇટ - નરેન્દ્ર મોદી, LEGAL AID)

કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ (NALSA) એ જરૂરિયાતમંદ નાગરિકોને કાનૂની સહાય અને સેવાઓ પૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

બે દિવસીય સંમેલનમાં કાનૂની સેવાઓના માળખાના મુખ્ય પાસાઓ, જેમ કે કાનૂની સહાય સંરક્ષણ સલાહ પ્રણાલી, પેનલ વકીલો, પેરાલીગલ સ્વયંસેવકો, કાયમી લોક અદાલતો અને કાનૂની સેવા સંસ્થાઓના નાણાકીય વ્યવસ્થાપન પર ચર્ચા કરવામાં આવશે.

. . .

# PM MODI - UP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વારાણસી રેલ્વે સ્ટેશનથી ચાર નવી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપી. પ્રધાનમંત્રીએ કહ્યું કે વંદે ભારત , નમો ભારત અને અમૃત ભારત ટ્રેનો ભારતીય રેલ્વેની આગામી પેઢીનો પાયો નાખી રહી છે. દરેક ભારતીયને વંદે ભારત ટ્રેન પર ગર્વ છે. આ ટ્રેન ભારતીયો માટે, ભારતીયો દ્વારા બનાવવામાં આવી છે.

(બાઇટ -પીએમ વંદે ભારત)

પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું કે વિશ્વભરના વિકસિત દેશોમાં માળખાગત વિકાસે તેમના આર્થિક વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે આજે , ઉત્તર પ્રદેશના વિકાસથી વધુ પ્રવાસન તકો ખુલી છે. તેમણે કહ્યું કે આજે કાશીમાં માળખાગત વિકાસ ઝડપથી આગળ વધી રહ્યો છે.

અમારી સરકાર કાશીમાં આરોગ્ય સેવાઓમાં સતત સુધારો કરવા માટે પણ પ્રયત્નશીલ છે.

. . .

# PRESIDENT VISIT - AFRICA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાત્રે આફ્રિકાના બે દેશોના રાજકીય પ્રવાસના ભાગરૂપે અંગોલા પહોંચશે. ભારતીય રાષ્ટ્રપતિની અંગોલા અને બોત્સ્વાનાની આ પહેલી રાજકીય મુલાકાત છે. આ મુલાકાત દર્શાવે છે કે ભારત આફ્રિકા સાથેના સંબંધોને ગાઢ બનાવવા અને ગ્લોબલ સાઉથના દેશો સાથે ભાગીદારીને મજબૂત બનાવવા માટે કેટલું મહત્વ આપે છે.

. . . . . . . . . . .

# VICE PRESIDENT - KARNATAKA

ઉપરાષ્ટ્રપતિ સી .પી. રાધાકૃષ્ણન આવતીકાલે કર્ણાટકની મુલાકાત લેશે . મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ હ ાસનમાં જૈન સાધુ અને આધ્યાત્મિક નેતા શાંતિ સાગર મહારાજને શ્રદ્ધાંજલિ આપશે . તેઓ મહારાજની પ્રતિમાના સ્થાપન અને ચોથી ટેકરીના નામકરણ સમારોહમાં પણ ભાગ લેશે.

શ્રી રાધાકૃષ્ણન મૈસુરમાં જેએસએસ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન એન્ડ રિસર્ચના 16મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે . તેઓ કર્ણાટકના મુખ્ય મઠ કેન્દ્રોમાંના એ ક સુત્તુર મઠના જૂના પરિસરની મુલાકાત લેશે . ઉપરાષ્ટ્રપતિ શ્રી ચામુંડેશ્વરી દેવી મંદિર અને ચેલુવનારાયણ સ્વામી મંદિરમાં પણ પ્રાર્થના કરશે

. . . . . . . . . .

# KIRAN RIJJU

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જાહેરાત કરી કે રાષ્ટ્રપ તિ દ્રૌપદી મુર્મૂએ પહેલી ડિસેમ્બરથી 19 ડિસેમ્બર સુધી સંસદનું શિયાળુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી છે . શ્રી રિજિજુએ કહ્યું કે સરકાર લોકશાહીને મજબૂત બનાવતા અને દેશવાસીઓની આકાંક્ષાઓને પૂર્ણ કરતા રચનાત્મક અને સકારાત્મક સત્રની રાહ જોઈ રહી છે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BIHAR ELECTION

બિહાર વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ મતદારોને આકર્ષવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ સીતામઢીમાં એક જાહેર સભાને સંબોધિત કરી. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વ હેઠળની NDA સરકારે ફરી એકવાર બિહારના લોકોનો વિશ્વાસ જીતી લીધો છે.

જનતા દળ-યુનાઇટેડના પ્રમુખ અને મુખ્ય પ્રધાન નીતિશ કુમારે રફીગંજ , ઔરંગાબાદ અને ઇમામગંજ અને ગયામાં જાહેર સભાઓને સંબોધિત કરી.

વિકાસ ઇન્સાન પાર્ટીના વડા અને મહાગઠબંધનના નાયબ મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર મુકેશ સાહનીએ કહ્યું કે બિહારના યુવાનો પરિવર્તન ઇચ્છે છે.

. . . . .

# BIHAR - ARO REMOVE

બિહારના સમસ્તીપુરમાં સરાયરંજન વિધાનસભા મતવિસ્તારના એક સહાયક રિટર્નિંગ અધિકારીને EVM માંથી કેટલીક VVPAT સ્લિપ બહાર ફેંકી દેવામાં આવી હોવાના કારણે બેદરકારી બદલ ચૂંટણી પંચ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનરે આ ઘટનાને ખૂબ જ ગંભીરતાથી લીધી છે અને આ મામલે તપાસના આદેશ આપ્યા છે. આ અંગે FIR પણ નોંધવામાં આવી છે.

. . . . . . .

# PUNJAB ELECTION

ચૂંટણી પંચે તરનતારનના વરિષ્ઠ પોલીસ અધિક્ષક રવજોત કૌર ગ્રેવાલને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાના આદેશો જારી કર્યા છે. અમૃતસરના પોલીસ કમિશનર ગુરપ્રીત સિંહ ભુલ્લરને તરનતારનના વરિષ્ઠ પોલીસ અધિક્ષકનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. શિરોમણી અકાલી દળની ફરિયાદ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી,

. . . . . . .

# VANDE MATRAM - HISTORY

સમગ્ર દેશ "વંદે માતરમ" રાષ્ટ્રીR ચ્ગીતની 150મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. આ એક એવું રાષ્ટ્રીA8ચ્ગીત છે જેણે પેઢીઓને એક થવા અને રાષ્ટ્રીય ભાવનાની ઉજવણી કરવા પ્રેરણા આપી છે. અમર ગીત "વંદે માતરમ" ના લેખક વિશે સાંભળીએ એક અહેવાલ..

(વોઈસ કાસ્ટ – અજય ઈન્દ્રેવાક઼)ર

રાષ્ટ્રગીત "વંદે માતરમ" ના લેખક બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય , ભારતના અગ્રણી સાહિત્યકારોમાંના એક અને આધુનિક ભારતીય સાહિત્યના પ્રણેતા હતા. 1838 માં બંગાળમાં જન્મેલા, બંકિમચંદ્રએ એક સુધારકના દ્રષ્ટિકોણને તેમની કલમ અને કલ્પનાશક્તિ સાથે જોડ્યો. "વંદે માતરમ" સૌપ્રથમ તેમની પ્રખ્યાત નવલકથા, આનંદમઠમાં પ્રકાશિત થયું હતું. આ ગીત સૌપ્રથમ તેમના સાહિત્યિક મેગેઝિન, બંગદર્શનમાં પ્રકાશિત કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ 1882 માં આનંદમઠના સંપૂર્ણ સંસ્કરણમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીકય ગીત ભારતની એકતા અને આત્મસન્માનની જાગૃત ભાવનાને કાવ્યાત્મક અવાજ આપે છે. વંદે માતરમ સાથે , બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો અમૂલ્ય વારસો ભારતના સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસમાં ગુંજશે.

અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.

. . . . . . . . . . . . .

# CRICKET

બ્રિસ્બેનના ગાબા ખાતે આજે રમાયેલી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની અંતિમ T20 ક્રિકેટ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી , જેના કારણે ભારતે 2-1થી જીત મેળવી હતી. રમત બંધ થાય તે પહેલાં , ભારતે વિના વિકેટ 52 રન બનાવ્યા હતા , જેમાં શુભમન ગિલ 29 અને અભિષેક શર્મા 23 રન બનાવીને રમી રહ્યા હતા. અભિષેકને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો.

. . . . . . . . .

# SITARAMAN - ASSAM

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે આસામના વિશ્વનાથ જિલ્લાના ભોલાગુરી ખાતે આસામની પ્રથમ ટેકનિકલ અને વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ પર કેન્દ્રિત યુનિવર્સિટીનો શિલાન્યાસ કર્યો . સ્વાહિદ કનકલતા બરુઆ સ્ટેટ યુનિવર્સિટી વિવિધ ટેકનિકલ ક્ષેત્રોમાં અભ્યાસક્રમો ઓફર કરશે . આ યુનિવર્સિટી 241 એકર વિસ્તારમાં સ્થાપિત થશે જેમાં 7 લાખ ચોરસ ફૂટનો બિલ્ટ-અપ વિસ્તાર હશે.

આ યુનિવર્સિટીનું નામ 17 વર્ષીય સ્વાતંત્ર્ય સેનાની કનકલતા બરુઆના નામ પરથી રાખવામાં આવ્યું છે , જેમને 1942ના ભારત છોડો ચળવળ દરમિયાન શોભાયાત્રાનું નેતૃત્વ કરતી વખતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# PIYUSH GOYAL

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાના વેપાર અને પર્યટન મંત્રી ડોન ફેરેલ અને કૌશલ્ય અને તાલીમ મંત્રી એન્ડ્રુ ગિલ્સને મળ્યા બાદ ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાની તેમની બે દેશોની મુલાકાત પૂર્ણ કરી.

એક સોશિયલ મીડિયા  સંદેશમાં, શ્રી ગોયલે જણાવ્યું હતું કે ચર્ચાઓ ભારત-ઓસ્ટ્રેલિયા આર્થિક ભાગીદારીની સંપૂર્ણ સંભાવનાને ઉજાગર કરવા પર કેન્દ્રિત હતી, જેમાં મહત્વાકાંક્ષી અને સંતુલિત વ્યાપક આર્થિક સહયોગ કરારનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# MANOHAR LAL

શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે આજે જણાવ્યું હતું કે શહેરીકરણ એ વિકાસિત ભારતનો માર્ગ છે. તેમણે ભાર મૂક્યો હતો કે દેશનું શહેરી પરિવર્તન નાગરિક-કેન્દ્રિત, સમાવિષ્ટ અને ટકાઉ હોવું જોઈએ.

મંત્રીએ આજે નવી દિલ્હીમાં શરૂ થયેલા રાષ્ટ્રીય શહેરી સંમેલન 2025 ના ઉદ્ઘાટન સત્રમાં બોલતા આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, 2047 સુધીમાં દેશમાં શહેરી વિસ્તારોમાં રહેતી વસ્તી કુલ વસ્તીના 50 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે. તેમણે વિકાસ ભારતના વિઝન સાથે સુસંગત સ્વચ્છ , હરિયાળા અને રહેવા યોગ્ય શહેરો બનાવવા માટે સરકારો , ખાનગી ક્ષેત્ર અને નાગરિકો પાસેથી સામૂહિક ભાગીદારી માટે હાકલ કરી હતી.

. . . . . . . . .

# INDIA – NEW ZELAND

પાંચ દિવસની સકારાત્મક ચર્ચાઓ પછી ભારત અને ન્યુઝીલેન્ડે મુક્ત વેપાર કરાર પર વાટાઘાટોનો ચોથો તબક્કો પૂર્ણ કર્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે વાટાઘાટો માલ અને સેવાઓમાં વેપાર , આર્થિક સહયોગ અને સોર્સિંગ નિયમો જેવા મુખ્ય ક્ષેત્રો પર કેન્દ્રિત હતી . બંને પક્ષોએ જણાવ્યું હતું કે સકારાત્મક ચર્ચાઓ મજબૂત , આધુનિક અને સંતુલિત વેપાર ભાગીદારી બનાવવાના તેમના સહિયારા ધ્યેયને પ્રતિબિંબિત કરે છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેકલેએ અ ત્યાર સુધી થયેલી પ્રગતિનું સ્વાગત કર્યું છે.

. . . . . . .